# મેઘરજમાં નમો એપ અંગે પ્રશિક્ષણ વર્ગ યોજાયો



મેઘરજ તા.૬

નમો એપ અભિયાન સંદર્ભે પ્રદેશ સંગઠન મંત્રી અને જિલ્લા પ્રભારી જયશ્રીબેન દેસાઈ અને અરવલ્લી જિલ્લા અધ્યક્ષ શ્રી રાજેન્દ્રભાઈ પટેલ ની પ્રેરક ઉપસ્થિતિમાં મેઘરજ મંડલ માં જલારામ મંદિર ખાતે નમો એપ માટે પ્રશિક્ષણ વર્ગ યોજાયો

આ પ્રશિક્ષણ વર્ગ માં જિલ્લા ઉપપ્રમુખ અનિલભાઈ પટેલ, દીપકભાઈ પટેલ, જિલ્લા મહામંત્રી હસમુખભાઈ પટેલ, ભીખાજી ઠાકોર, જિલ્લા મંત્રી શ્રીમતિ સંગીતાબેન પટેલ, મંડલ પ્રમુખ શ્રી ભુપતસિંહ ચૌહાંણ, મહામંત્રી શ્રી મહેશભાઈ ઉપાધ્યાય, શ્રી ઈશ્વરભાઈ કટારા અને વિવિધ મોરચા ના હોદ્દેદારો તથા કાર્યકર્તાઓ અને ચૂંટાએલ પદાધીકારીઓ સહકારી આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્ય શાળામાં જિલ્લા પ્રમુખ શ્રી રાજેન્દ્રભાઈ પટેલ દ્વારા નમો એપ બૂથ સ્તર સુધી ડાઉનલોડ કરવા અંગે તેમજ આવનારા દિવસો માં યોજાનાર કાર્યક્રમ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું અને કાર્યશાળામાં નમો એપ ડાઉનલોડ અને રજીષ્ટર કરાવી અને તેની ઉપયોગીતા વીશે માહિતી સોશીયલ મીડિયા અને યુવા મોરચાના હોદ્દેદાર અને કાર્યકર્તા દ્વારા આપવામાં આવેલ હતી.

## ગાંધીનગર સમાચારના અહેવાલની અસર

# ધનસુરા તાલુકા પંચાયતમાં ગુલ્લીબાજ કર્મચારીઓનો ડી.ડી.ઓ.એ ખુલાસો પૂછ્યો

**સરકારી કચેરીમાં ગાયબ રહેતા કર્મચારીઓ મુદ્દે એ-ટી.ડી.ઓ. પાસે જવાબ મંગાયો**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૬

ધનસુરા તાલુકા પંચાયતમાં રામરાજમાં કર્મચારીઓ સુખી જેવો ઘાટ કર્મચારીઓ કચેરીમાંથી ગાયબ રહેતાં અરજદારો પરેશાન હોવાના અહેવાલ એકમાત્ર ગાંધીનગર સમાચારમાં પ્રસિદ્ધ થયા પછી જિલ્લા વિકાસ અધિકારી શ્રીમતી શ્વેતા તેવતીયાએ ધનસુરા તાલુકા પંચાયતના એ-ટી.ડી.ઓ.નો મૌખિક ખુલાસો માગ્યાની વિગતો બહાર આવી છે. અહેવાલ બાદ ગુલ્લીબાજ કર્મચારીઓની શાન ઠેકાણે આવતાં કચેરીઓમાં તેમની હાજરી ઉડીને આંખે વળગી રહી છે. જ્યારે અરજદારોએ પણ રાહત અનુભવી છે.

જિલ્લાની સરકારી કચેરીઓમાં ચોક્કસ કર્મચારીઓ હાજર રહેતા ન હોવાની ફરિયાદો અવાર નવાર ઉઠતી હોય છે. કચેરીમાં આઉટ શોર્સિંગથી કામ કરતા હંગામી કર્મચારીઓ સવાર થી સાંજ સુધી નિષ્ઠાપૂર્વક ફરજ બજાવે છે પરંતુ સરકારનો તગડો પગાર મેળવતા અધિકારી-કર્મચારીઓ જ કચેરીમાંથી અલ્લાઉદ્દીનના જીનની જેમ ગાયબ થઈ પ્રગટ થઈ જતા હોય છે. ધનસુરા તાલુકા પંચાયતમાં છેલ્લા ઘણા સમયથી અધિકારી-કર્મચારીઓ પોતાની ખુરશી ઉપરથી કલાકોના કલાકો સુધી ગાયબ રહેતાં અરજદારો અટવાયા હતા. શૈક્ષણિક સંકુલો શરૂ થયા પછી તાલુકા પંચાયતમાં જરૂરી દાખલા માટે અરજદારોનો ધસારો શરૂ થવાની સાથે અધિકારી-કર્મચારીઓની ગેરહાજરીથી મુશ્કેલી ઉભી થઈ હતી. જેમાં તા.૪ ના રોજ કર્મચારીઓની ગેરહાજરી મુદ્દે અહેવાલ પ્રસિદ્ધ થયા પછી જિલ્લા વિકાસ અધિકારીએ આ મુદ્દે એ.ટી.ડી.ઓ.નો ટેલિફોન ઉપર ગેરહાજરી મુદ્દે મૌખિક ખુલાસો પૂછતાં ફરજ દરમ્યાન કચેરીમાંથી ગાયબ રહેનારા અધિકારી-કર્મચારીઓ બચાવની મુદ્દામાં આવી ગયા છે.

## જન્મદિને વધામણી



કુંજ વિપુલકુમાર રાઠોડ
ઉભરાણ, તા.માલપુર



પાર્થ શૈલેષભાઈ શાહ
(સહજાનંદ પાર્ક સોસાયટી)
બાયડ, જિ.અરવલ્લી



જૈમિન બિપીનભાઈ પટેલ
(શ્રીજીચરણ સોસાયટી)
બાયડ(રડોદરા)



મિનેષ જ્યંતિભાઈ સોની
આકરૂન્દ, તા.ધનસુરા



ભવ્ય અજયકુમાર પટેલ
માધાપર(ભૂજ)

# ઉભરાણનો પદયાત્રી સંઘ અંબાજી રવાના: માર્ગો ઉપર પદયાત્રીઓનો વધતો પ્રવાહ



બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૬

સુપ્રસિદ્ધ યાત્રાધામ અંબાજીમાં ભાદરવી પુનમના મહામેળાની અનિશ્ચિતતા છતાં અસંખ્ય પદયાત્રીઓ માં અંબાના દર્શન માટે રવાના થયા છે. માલપુર તાલુકાના ઉભરાણનો પદયાત્રી સંઘ બોલ માડી અંબે, જય જય અંબે..ના જયઘોષ સાથે અંબાજી જવા રવાના થયો ત્યારે આસ્થાસભર માહોલ ગામમાં ઉભો થયો હતો. અંબાજીને જોડતા માર્ગો ઉપર પદયાત્રીઓનો પ્રવાહ સતત વધી રહ્યો છે જેથી પગપાળા જતા ભક્તોમાં નવો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

જિલ્લામાં અંબાજી જતા પદયાત્રીઓનું સ્ક્રિનિંગ અદ્ધરતાલ બની જતાં પરંપરાગત યોજાતી યાત્રા દરમ્યાન કોરોનાનું સંક્રમણ ફેલાઈ શકે છે. આરોગ્ય વિભાગ દ્વારા અગાઉ જિલ્લાની સરહદો ઉપર સ્ક્રિનિંગની વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી પરંતુ ભાદરવી પુનમની પગપાળા યાત્રા દરમ્યાન બધું જ કોરાણે મૂકાયું છે. જિલ્લાના માર્ગો ઉપર બોલ માડી અંબેના જયઘોષ સાથે ખેડા, પંચમહાલના પદયાત્રીઓનો પ્રવાહ સતત વધી રહ્યો છે. જ્યારે સ્થાનિક સંઘોએ પણ હવે અંબાજીની વાટ પકડી છે. ઉભરાણમાં દર વર્ષે અંબાજીની પદયાત્રા રજીસ્ટર્ડ સંઘ દ્વારા યોજાતી હોય છે જેથી અનેક માઈ ભક્તો સંઘ સાથે જોડાઈ અંબાજી પદયાત્રામાં સામેલ થતા હોય છે. કોરોનાનું સંક્રમણ ઘટ્યું છે જેથી આ વર્ષે સંઘના સેવાભાવિઓ દ્વારા ઉભરાણ થી અંબાજી સુધીની યાત્રાનું આયોજન કરવામાં આવતાં ૩૦ થી વધુ પદયાત્રીઓ માં અંબાની પગપાળા યાત્રામાં જોડાઈ રવાના થયા છે.

# અરવલ્લી જિલ્લામાં અંગ્રેજી માધ્યમની સરકારી પ્રા.શાળાઓમાં પ્રેરક શિક્ષણ

બાયડ તા.૬

અંગ્રેજી માધ્યમમાં માત્ર ખાનગી શાળા જ વાલીઓ માટે એક માત્ર વિકલ્પ થોડા સમય પહેલા હતી. પરંતુ અરવલ્લી જિલ્લામાં શરૂ કરવામાં આવેલ અંગ્રેજી માધ્યમની સરકારી પ્રાથમિક શાળા શરૂ કરવામાં આવેલ છે. જેની રચનાત્મક અસરની નોંધ સમાજ લઈ રહ્યો છે.



મેઘરજ તાલુકામાં રહિફા ફાતિમા, ડાયા જોહન અશરફ, ડાયા જિયાન અશરફ ત્રણે વિદ્યાર્થીઓએ ઇ્ઈ અંતર્ગત ખાનગી પ્રાથમિક શાળામાં પ્રવેશ મળેલ જેની ફી પણ સરકાર શ્રી દ્વારા ભરવામાં આવનાર હતી, પરંતુ છેલ્લા બે વરસમાં સરકારી અંગ્રેજી માધ્યમની શાળાઓ અરવલ્લી જિલ્લાના તમામ તાલુકા સ્થળે શરૂ કરવામાં આવેલ છે અને તેમાં ખૂબ ગુણવત્તાયુક્ત શૈક્ષણિક કાર્ય થઈ રહેલ છે જેને કારણે ઇ્ઈ માં મળેલ પ્રવેશને જતો કરીને આ વિદ્યાર્થીઓએ સરકારી અંગ્રેજી માધ્યમની મેઘરજ ખાતેની શાળામાં અભ્યાસ ચાલુ રાખેલ છે. જે સરકારી અંગ્રેજી માધ્યમની શાળામાં થતા ગુણવત્તાયુક્ત કામને દર્શાવે છે. છેલ્લા બે વર્ષમાં સરકારી અંગ્રેજી માધ્યમ ની શાળાઓ ૪૫૬ જેટલ બાળકોને પ્રવેશ માટે આકર્ષવામાં સફળ રહી છે. આવનાર દિવસોમાં તાલુકા સ્થળે શરૂ કરાયેલ અંગ્રેજી માધ્યમની પ્રાથમિક શાળાઓ જરૂર મોટા શૈક્ષણિક ઈન્સ્ટિટ્યૂટ નું સ્થાન લેશે. વધુમાં જે વાલીઓ પ્રવેશ લેવા માંગતા હોય તેમને તાલુકાની મ્ઇઝ્ર ભવનની કચેરી અથવા શાળાનો સીધો સંપર્ક કરવા જિલ્લા પ્રા શિક્ષણ સમિતિ દ્વારા અનુરોધ કરવામાં આવેલ છે

# તલોદ પાસે પી.વી.સી. પાઈપની ફેક્ટરીમાં આગ ભભૂકી ઉઠી

**લાખોના નુક્સાનનો અંદાજ, હિંમતનગર-તલોદ-પ્રાંતિજથી ફાયર ફાઈટર દોડ્યાં**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૬

તલોદ નજીકની વાસાની પોલીમર્સ પી.વી.સી. પાઈપની ફેક્ટરીમાં ગત રાત્રે શોર્ટસર્કીટના કારણે આકસ્મિક આગ લાગતાં લાખો રૂપિયાના નુક્સાનનો અંદાજ સેવાઈ રહ્યો છે. ગોડાઉનમાં ઓચિંતા આગના લબકારા દેખાતાં પંથકમાં અફડા તફરીનો માહોલ ઉભો થયો હતો. આગને કાબુમાં લેવા માટે હિંમતનગર, તલોદ અને પ્રાંતિજથી ફાયર ફાઈટર બોલાવી આગને કાબુમાં લેવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. કલાકોની જહેમત પછી આગ કાબુમાં આવી પરંતુ હજુ સુધી આગની ઘટના અંગે તલોદ પોલીસમાં કોઈ નોંધ લેવાઈ નથી જેથી આગનું સાચુ કારણ અને નુક્સાનીનો અંદાજનો તાગ મેળવવો મુશ્કેલ છે.

જિલ્લાના ઔદ્યોગિક એકમોમાં લાગતી આગ ક્યારેક રહસ્યમય બની જતી હોય છે. શિયાળાની સીઝનમાં સહકારી જીનોમાં કપાસની ધરખમ આવક સમયે ઉપરા છાપરી આગ લાગવાના બનાવોમાં મોટું રહસ્ય હોવા છતાં માત્ર પોલીસે જાણવા જોગ નોંધ લઈ ભૂતકાળમાં સંતોષ માની લીધો છે. ગત રાત્રે તલોદ નજીકની પી.વી.સી. પાઈપની ફેક્ટરીના ગોડાઉનમાં ઓચિંતિ આગ લાગતાં દોડધામ મચી હતી. દૂર દૂર સુધી આગના લબકારા સાથે ધુમાડાના ગોટેગોટા નિકળતા જોઈ આસપાસના વિસ્તારોમાં ભયનો માહોલ પ્રસરી ગયો હતો. આગને કાબુમાં લેવા માટે ફાયર ફાઈટરની મદદ લેવામાં આવી હોવા છતાં ફેક્ટરીના ગોડાઉનમાં પડેલ પ્લાસ્ટીકના સરસામાનના કારણે આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. ફેક્ટરીના ગોડાઉનમાં આગ લાગ્યાની જાણ થતાં તલોદ પોલીસની ટીમ તાબડતોબ સ્થળ ઉપર દોડી ગઈ હતી પરંતુ ફેક્ટરીના માલિકોએ હજુ સુધી પોલીસ સ્ટેશનમાં વિધિવત કોઈ ખબર આપી ન હોવાનું બહાર આવ્યું છે.

**રક્તદાન મહાદાન**

# અરવલ્લીમાં પોલીસ પર હુમલો કરી રાયફલ છીનવી લેનાર વોન્ટેડ બુટલેગર ઝડપાયો

**પેરોલ ફર્લો સ્કવોર્ડે જંગલ વિસ્તારમાંથી ફરાર આરોપી દબોચ્યો**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૬

અરવલ્લી જિલ્લાના ડોડીસરા ગામે પ્રોહીબીશનની રેડ દરમ્યાન પોલીસ ઉપર હુમલો કરી રાયફલ છીનવી લેનાર વોન્ટેડ આરોપી મનોજ ઉર્ફે મનુભાઈ પુનાભાઈ મનાત (રહે.બોરનાલા, તા.ભિલોડા)ને પેરોલ ફર્લો સ્કવોર્ડે જંગલ વિસ્તારમાંથી દબોચી લઈ જેલ હવાલે કર્યો છે. ઝડપાયેલા આરોપી સામે પોલીસ ઉપર હુમલાના બનાવની સાથે પ્રાંતિજ તેમજ અમદાવાદના સરખેજ પોલીસ મથકમાં પણ ગુના નોંધાયા હતા પરંતુ આરોપી પોલીસને ચકમો આપવામાં ઘણા લાંબા સમયથી સફળ રહેતો હતો જેમાં પેરોલ ફર્લો સ્કવોર્ડને આરોપીને પકડવામાં સફળતા મળી છે.

જિલ્લામાં પોલીસે છાવરીને મોટા કરેલા બુટલેગરો હવે પોલીસ માટે માથાનો દુઃખાવો બની ગયા છે. પોલીસના હપ્તા રાજમાં ખુદ ખાખી વર્દીમાં છૂપાયેલા દલાલોની બુટલેગરો સાથેની સાંઠગાંઠ ખૂલી જતાં તેમની સામે ખાતાકીય તપાસ શરૂ કરી બદલીઓ કરવામાં આવી છે. જિલ્લાના શામળાજી પોલીસ સ્ટેશનની હદમાં પોલીસની ધાક જેવું કશું જ રહ્યું ન હોય તેમ ખુલ્લેઆમ દ્વિ-ચક્રી વાહનો ઉપર વિદેશી દારૂની હેરાફેરી વધી છે. બોરનાલા-ડોડીસરા સહિતના વિસ્તારોમાં વિદેશી દારૂની રેલમછેલ કાયમી બની છે. થોડાક સમય અગાઉ શામળાજી પોલીસ સ્ટેશનની હદમાં ડોડીસરા ગામે પોલીસ રેડ દરમ્યાન આરોપી મનોજ મણાતે પોલીસ પર હુમલો કરી સરકારી રાયફલ છીનવી લેતાં પોલીસની આબરૂના ધજાગરા ઉડ્યા હતા. પોલીસ પર હુમલાના આરોપીઓને પકડવા માટે પોલીસે રાત-દિવસ ઉધામા શરૂ કર્યા પરંતુ મોંડે મોંડે હવે મુખ્ય સૂત્રધારો પકડવામાં પોલીસને સફળતા મળી રહી છે. જિલ્લા પેરોલ ફર્લો સ્કવોર્ડના પી.એસ.આઈ., કે.એસ.સીસોદીયા અને ટીમે ગત રોજ બાતમીના આધારે બોરનાલાના જંગલ વિસ્તારમાં ઓચિંતો છાપો મારી વોન્ટેડ આરોપી મનોજ મનાતને દબોચી લોકઅપમાં ધકેલ્યો છે. તેની સામે શામળાજી, પ્રાંતિજ અને અમદાવાદ સહિતના વિસ્તારોમાં વિવિધ ગુના નોંધાયેલા હોવાથી આરોપી પકડાતાં પોલીસ રાહત અનુભવી છે.

# મોડાસા તાલુકાની વરથુ શાળાનું ગૌરવ

બાયડ તા.૬

૫ મી સપ્ટેમ્બર શિક્ષકદિન નિમિત્તે અરવલ્લી જિલ્લામાં દર વર્ષની જેમ ચાલું વર્ષે પણ શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક સમારોહનું આયોજન કૉલેજ કેમ્પસમાં આવેલ ભામાશા હૉલમાં કરવામાં આવ્યું. જેમાં જિલ્લા કક્ષાએ ૪ અને તાલુકા કક્ષાએ ૧૦ શિક્ષકોને શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક એનાયત કરવામાં આવ્યો. જેમાં મોડાસા તાલુકાની વરથુ પ્રાથમિક શાળાના શિક્ષક શ્રી રાજેશકુમાર પુંજાભાઈ દરજી ની વર્ષ દરમિયાન કરેલી ઉત્કૃષ્ટ શૈક્ષણિક કામગીરી,કૉરોના જેવી વૈશ્વિક મહામારીમાં પણ શાળાના વિદ્યાર્થીઓના શિક્ષણની સતત ચિંતા કરી શેરી શાળાના વિકલ્પને અનુસરીને વિધાર્થીઓ સાથે શૈક્ષણિક કાર્ય કરવા બદલ તેમજ અન્ય પ્રશંશનીય કામગીરી કરવા બદલ તાલુકા પારિતોષિક માટે પસંદગી કરવામાં આવતાં ગ્રામજનો, વિધાર્થીઓ, શાળા વ્યવસ્થાપન સમિતિના સભ્યો તેમજ શાળા પરિવાર આનંદની લાગણી અનુભવી જિલ્લા શિક્ષણ સમિતિ તેમજ વહીવટી તંત્રનો આભાર વ્યક્ત કરે છે...




# પાલનપુર પાલિકાના સફાઈ વેરામાં અસહ્ય વધારાનો વિરોધ

**આમ આદમી પાર્ટીએ ધરણા અને સહી ઝૂબેશ યોજી સફાઈ વેરામાં લાદેલ વધારો પાછો ખેંચવા માંગ કરી : વેરામાં વધારા મામલે આપના કાર્યકરોએ નગરપાલિકા પાસે રામધૂન બોલાવી વિરોધ દર્શાવ્યો**

પાલનપુર, તા. ૬

પાલનપુર નગરપાલિકા ધ્વારા તાજેતરમાં સફાઈ કરના દરમાં અસહ્ય વધારો ઝીકવામાં આવતા શહેરીજનોના બજેટના ભારણમાં વધારો થતા લોકોમાં છૂપો રોષ છવાયો છે ત્યારે પ્રજાના પ્રશ્નો ને વાચા



આપવા પાલનપુર માં ત્રીજા પક્ષ તરીકે ઉભરી રહેલ આમ આદમી પાર્ટીએ પાલીકા દ્વારા સફાઈ વેરામાં કરાયેલ વધારાને પરત ખેંચવા આક્રમક કાર્યક્રમ આપ્યા હતા જેમાં કર વેરાના વધારાને પાછો ખેંચવા ધરણા અને સહી ઝૂબેશ યોજવા માં આવી હતી બાદમાં રેલી યોજી નગરપાલિકામાં પ્રમુખ તેમજ ચીફ ઓફિસરને રજુઆત કરી રામધૂન બોલાવવામાં આવી હતી. ભાજપ શાસિત પાલનપુર પાલિકા ધ્વારા કોરોના મહામારીના કારણે સર્જાયેલ મંદીના માહોલમાં મિલકત ધારકો પર સફાઈ વેરાના વધારાનો બોઝ લાદવા માં આવ્યો છે જેમાં રહેણાંક એકમમાં ડોઠ ઘણો કોમર્શિયલમાં ત્રણ ઘણો હોસ્પિટલોમા પંદર ઘણો અને ઓપીડી ચલાવતા દવાખનામાં દશ ઘણો વધારો કરવામાં આવતા લોકોમાં ભારે નારાજગી પ્રવર્તવા પામી છે અને લોકોમાં પાલીકા દ્વારા કરાયેલ સફાઈ વેરાનો કમરતોડ વધારો પાછો ખેંચવા માંગ કરાઈ રહી છે તેમ છતાં નગરપાલિકા દ્વારા કર વધારા મામલે કોઈ નક્કર નિર્ણય લેવામાં ન આવતા અને પાલિકામાં વિપક્ષ ની ભૂમિકા ભજવી રહેલ કોંગ્રેસ પણ કર વધારો પાછો ખેંચવવા માં નિષ્ફળ રહેતાં આખરે આમ આદમી પાર્ટી સફાઈ વેરાના કમરતોડ વધારા ને પાછો ખેંચવવા મેદાન માં ઉતરી છે જેમાં આપ દ્વારા સફાઈ વેરાના વધારા વિરુદ્ધ ધરણા યોજી સહી ઝૂબેશ અભિયાન ચલાવ્યું હતું જે બાદ રેલી સ્વરૂપે નગરપાલિકા જઈ પ્રમુખ હેતલબેન રાવલ અને ચીફ ઓફિસરને જનતાના માથે લાદેલ સફાઈ વેરાનો વધારો ત્વરિત ધોરણે પાછો ખેંચવાની ઉગ્ર માંગ કરી હતી તેમજ નગરપાલિકામાં રામધૂન યોજી કર વેરામાં કરાયેલા વધારા નો વિરોધ કરવામાં આવ્યો હતો

# પાલનપુરમાં કોરોનાની ખોટી એન્ટ્રી કરનાર આરોગ્ય કર્મી સસ્પેન્ડ

**સસ્પેન્ડ મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરે કોવિન પોર્ટલ પર મૃતકની એન્ટ્રી કરી હતી**

પાલનપુર, તા. ૬

બનાસકાંઠા જિલ્લામા કોરોના વેકસીનની કામગીરીનો કેટલાક આરોગ્ય કર્મીઓ ઘોર લાપરવાહી દાખવી રહ્યા હોય તેમજ લાભાર્થીની ખરાઈ કર્યા વિનાજ મૃતકોને રસી અપાઈ હોવાની કોવિન પોર્ટલ એન્ટ્રીઓ કરતા હોવાના કિસ્સા સામે આવી રહ્યા છે જેમાં પાલનપુરમાં એક મૃતક ને વેકસીનનો બીજો ડોઝ આપવામા આવ્યો હોવાનું સર્ટી બનતા જિલ્લા આરોગ્ય અધિકારીએ મૃતકની ખોટી એન્ટ્રી કરનાર મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર ને તાત્કાલિક અસર થી સસ્પેન્ડ કર્યો છે. બનાસકાંઠામાં આરોગ્ય તંત્ર દ્વારા કોરોના રસીકરણની કામગીરીમાં લંક્ષાંક પૂર્ણ કરવા કેટલાક આરોગ્ય કર્મીઓ લાભાર્થીની ખરાઈ કર્યા વિનાજ મૃતકોની કોવિન પોર્ટલ પર એન્ટ્રી કરતા હોય મૃતકોના નામે વેકસીનના સર્ટી બની રહ્યા છે અગાઉ મૃતકોને વેકસીન અપાઈ ગઈ હોવાના સર્ટી બનતા આરોગ્ય તંત્રે કોવિન પોર્ટલ પર મૃતકની એન્ટ્રી કરનાર આરોગ્ય કર્મી સામે પોલીસ કરવાનો નિર્ણય કર્યો હતો જે વચ્ચે પણ પાલનપુરમાં ગત ૧૮ એપ્રિલના રોજ મરણ પામેલ મુકેશકુમાર ગોવિંદલાલ જોશીને તેમના મરણના ચાર માસ બાદ ૧ સપ્ટેમ્બર ૨૦૨૧ના રોજ પાલનપુર ની જી.ડી મોદી કોલેજમાં કોરોના વેકસીનનો બીજો ડોઝ આપવામાં આવ્યો હોવાની કોવિન પોર્ટલ પર એન્ટ્રી થતા મૃતકને વેકસીન અપાયું હોવાનું સર્ટી આરોગ્ય તંત્ર માં ખળભળાટ મચ્યો હતો જોકે આરોગ્ય વિભાગે આ બાબતે તપાસ કરતા આ વેકસીનેશન માં યુ.પી.એચ. સી.એક પાલનપુરના મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર સુરેશભાઈ એમ ચૌહાણે કોવિન પોર્ટલ પર મૃતકની ખોટી એન્ટ્રી કરી હોવાનું માલુમ પડતા આ આરોગ્ય કર્મી એ કામગીરી માં નિષ્કાળજી દાખવી ને ગંભીર બેદરકારી દાખવી હોવાનું ફલિત થતાં જિલ્લા આરોગ્ય અધિકારીએ આ મલ્ટી. પર્પઝ હેલ્થ વર્કર ને તાત્કાલીક અસર થી ફરજ મોકૂફ નો હુકમ કર્યો હતો જેને લઈ કોવિન પોર્ટલ માં લાભાર્થી ઓની એન્ટ્રી કરતા આરોગ્ય કર્મીઓ માં ફફડાટ ફેલાયો છે

**ફરજમાં ઘોર લાપરવાહી મામલે આરોગ્ય કર્મી સામે ફરજ મોકુફીની કાર્યવાહી કરાઈ**

## અવસાન નોંધ..



બાયડ : બાયડ એ.ટી.ડી. કોલેજના પ્રિન્સિપાલ અશોકભાઈ જોષી અને અતુલભાઈ જોષીના માતા હીરાબેન વસંતલાલ જોષીનું નિધન થયેલ છે. વર્તમાન પરિસ્થિતિને કારણે ટેલિફોનિક બેસણું તા.૯ સપ્ટેમ્બર, ગુરૂવારના રોજ સવારે ૧૦-૦૦ થી ૨-૦૦ રાખેલ છે.